૯

ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૪૧/૧૮-૧૯/ ૨૧૧ તારીખ : [illegible] JAN [illegible]

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
મે. અક્ષર ટેકસટોન,
પ્લોટ નં.૪૭, જી.આઈ.ડી.સી.,
પાળીયાદ રોડ, તા.બોટાદ - ૩૬૪ ૭૧૦.
**મો.નં.૯૮૨૪૪ ૫૧૯૭૨**

કેસ નં.૧૪૧/૧૮-૧૯

**વિષય : બળેલ મીટરના એવરેજ બીલ આપવા બાબત.**
સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૭/૧૧/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૧/૧૮-૧૯/૫૪૦૯ તા.૦૧/૧૨/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૧/૧૮-૧૯/૫૫૩૨ તા.૧૧/૧૨/૨૦૧૮.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૧/૧૮-૧૯/૩૩ તા.૦૧/૦૧/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૧/૦૧/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **શહેર-૨ બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૪૧/૧૮–૧૯</u> ☜

વાદી :– મે. અક્ષર ટેકસટોન

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૧૧.૦૧.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી ફતેપરા કુલદીપભાઈ ભીમજીભાઈ – (પાર્ટનર)

પ્રતિવાદી :– શ્રી એ. એ. જાડેજા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. અક્ષર ટેકસટોન, મુ.બોટાદ, તા.જી.બોટાંદની બળેલ મીટરના એવરેજ બીલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪૧/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૪૧/૧૮–૧૯/૫૪૦૯ તા.૦૧.૧૨.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૧.૧૨.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી હાજર રહેલ નથી. જેથી અન્ય મુદત તા.૧૧.૦૧.૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં મે. અક્ષર ટેકસટોનનાં પાર્ટનર શ્રી ફતેપરા કુલદીપભાઈ ભીમજીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી શ્રી એ. એ. જાડેજા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મીટર બળેલની એવરેજ બીલ બાબતની અમારી અરજ નીચે મુજબ છે.

૧.૨ અમોએ તા.૧૩/૦૭/૨૦૧૬ ના રોજ વીજજોડાણ આવેલ.

૧.૩ અમોએ તા.૦૩/૦૮/૨૦૧૬ ના રોજ મીટર બળી ગયેલ.

૧.૪ અમોએ તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ મીટર બદલાવેલ.

૧.૫ પહેલું બીલ તા. ૧૨/૦૯/૨૦૧૬ ના રોજ આવેલ.

૧.૬ અમોને મીટર બળેલ ત્યારે રૂા.૭૭૫૧.૦૦ ભરેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૭ અમોએ કારખાનું તા.૨/૧૦/૨૦૧૬ ના રોજ ચાલુ કરેલ.

૧.૮ અમારી મશીનરી તા.૦૧/૧૦/૨૦૧૬ એ આવેલી હતી. જેનું વેચાણ બીલ એમ–૧ તા.૦૫/૧૦/૧૬ છે.

ઉપર જણાવેલ હકીકત લેખિત પુરાવા સાથે સામેલ છે. અમોને તા.૧૮/૦૯/૧૭ ના રોજ બીલમાં એવરેજ ગણીને બીલ આપવામાં આવેલ છે, તે રદ કરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર દવારા તા.૦૭/૦૬/૨૦૧૬ ના રોજ NRGP કેટેગરી હેઠળ ૩૮ KW નું મે. અક્ષર ટેકસટોન ના નામે નવા વીજજોડાણ માટેની માંગણી કરવામાં આવેલ હતી. તા.૧૩/૦૭/૨૦૧૬ ના રોજ સ્થળ પર મીટર લગાડવામાં આવેલ હતું. સદર વીજજોડાણ લેતી વખતે અરજદારે રજુ કરેલ ટેસ્ટ રીપોર્ટમાં પણ લોડ ૩૮.૦૦ KW દર્શાવેલ છે.

૨.૨ સદર વીજજોડાણ માટે મુકવામાં આવેલ મીટરમાં ધુમાડા નીકળી છે તે બાબતની કમ્પ્લેન તા.૦૩/૦૮/૨૦૧૬ ના રોજ ગ્રાહક દવારા લખાવવામાં આવેલ.

૨.૩ જે મુજબ સ્થળ તપાસ કરતાં લોડ સાઈડના વાયર તેમજ મીટર બળી ગયેલ માલુમ પડેલ હતાં. આથી તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ બળી ગયેલ મીટર ચેકીગ શીટ નં.૨૦૭૩ મુજબ બદલાવવામાં આવ્યું. જે મુજબ કુલ ૩૧.૩૩ કી.વો. લોડ જોડાયેલ માલુમ પડેલ છે.

૨.૪ તા.૨૫/૧૨/૨૦૧૬ ના રોજ લેબોરેટરીમાં મીટરની લેબોરેટરી કરવામાં આવેલ, જેમાં મીટર સંપુર્ણ બળેલ માલુમ પડેલ હતુ.

૨.૫ સદર વીજજોડાણનું તા.૧૧/૦૮/૨૦૧૬ ના રોજ પ્રથમ બીલ બનેલ તેમાં ફકત નવા મીટરમાં નોંધાયેલ યુનીટ મુજબ કુલ ૧૧૧૦ યુનિટનું બીલ આપવામાં આવેલ હતું.

૨.૬ જુનું મીટર જે બળી ગયેલ હતું, તેમાં થયેલ વપરાશનો કોઈપણ પ્રકારના યુનિટનું બીલ આપવામાં આવેલ ન હતું.

૨.૭ ઓડીટ રીપોર્ટ સંદર્ભ પત્ર નં. AMR/CO/AUDIT/૩૯૮૬ તા.૨૬/૦૫/૨૦૧૭ ના પારા નં.૧.૫ – STATEMENT FOR SHORTFALL AVERAGE UNITS RECOVERY મુજબ સપ્ટે–૧૬, ઓકટો–૧૬ અને નવે.–૧૬ મહીનાના યુનિટના સરેરાશ યુનિટ મુજબ કુલ ૫૮૭૬ યુનિટમાંથી ઓગસ્ટ–૧૬ માં જે નવા મીટરના યુનિટ ૧૧૧૦ જે વપરાશ કરેલ હતાં, તે બાદ કરતાં ૪૭૬૬ યુનિટ મુજબના વપરાશની રીકવરી કાઢવામાં આવેલી હતી.

૨.૮ જે રીકવરી યુનિટ મુજબ કુલ રકમ રૂા.૩૨૪૫૧.૬૯, તા.૧૮/૧૧/૨૦૧૭ ના રોજ ગ્રાહકના ખાતામાં ઉધારવામાં આવેલ.

૨.૯ તા.૨૭/૧૨/૧૮ ના રોજ નાયબ ઈજનેરશ્રી, બોટાદ શહેર–૨ પેટા વિભાગીય કચેરી દવારા સ્થળ પર લોડ વેરીફીકેશન વખતે કુલ ૩૯.૨૩ કી.વો. લોડ જોડાયેલ માલુમ પડેલ અને મીટરના ડીસ્પ્લે પેરામીટરની ચકાસણી BMD – ૨૭.૫ કી.વો. મામુલ પડેલ છે તેમજ અરજદારે અરજીમાં રજુ કરેલ બીલ વાળા મશીન પર કોઈ રેટીગ પ્લેટ ન હોવાથી આ મશીનનો લોડ જાણવા મળેલ નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૧૦ ગ્રાહક દવારા દર માસે બનતાં બીલની રકમ ભરપાઈ કરવામાં આવેલ પરંતુ ઓડીટ રીપોર્ટ ગ્રાહકના ખાતામાં ઉધારેલ રકમ ગ્રાહક દવારા આજદીન સુધી ભરપાઈ કરેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મે. અક્ષર ટેકસટોનના પાર્ટનર ફતેપર કુલદીપભાઈએ ફોરમને તેઓને આપવામાં આવેલ એવરેજ બીલ અંગેની રજુઆત કરેલ છે.

૩.૨ વાદી અરજદારને પ્રતિવાદીએ તા.૧૩/૦૭/૨૦૧૬ ના રોજ મે. અક્ષર ટેકસટોનના નામનું NRGP ટેરીફ હેઠળ ૩૮ KW નું વીજજોડાણ જી.આઈ.ડી.સી. બોટાદમાં આપેલ.

૩.૩ તા.૦૩/૦૮/૨૦૧૬ ના રોજ વાદીએ તેમના મીટરમાં ધુમાડા નીકળતાં હોઈ, પ્રતિવાદીને ફરીયાદ કરેલ જે અનુસંધાને પ્રતિવાદીએ વાદીનાં વીજ સ્થાપન પરનું થ્રી ફેઈઝ મીટર તા.૦૪/૦૮/૨૦૧૬ ના રોજ બળી ગયેલ હોવાથી બદલાવેલ અને મીટર બદલતાં સમયે પ્રતિવાદીએ શીટ નં.૨૦૭૩ તા.૦૪/૦૮/૨૦૧૬ થી ભરેલ.

૩.૪ મીટર બદલતાં સમયે વાદીનાં વીજ સ્થાપન પરનો જોડેલ લોડ ૩૧.૩૩૨ હો.પા. (૩૮ કી.વો.) બતાવેલ છે તેમજ મીટર બળી કાળુ થઈ ગયેલ હોઈ મીટરનાં રીડીંગ અવાચ્ય છે, તેવી નોંધ કરવામાં આવેલ.

૩.૫ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં વાદીનું બળી ગયેલ મીટર તા.૧૨/૦૧/૨૦૧૭ ના રોજ લેબ. પરીક્ષણ કરવામાં આવેલ, જેમાં મીટર સંપુર્ણ બળી ગયેલ હોવાથી મીટર વાંચી શકાયેલ નહી.

૩.૬ વાદીનું વીજજોડાણ તા.૧૩/૦૭/૧૬ ના રોજ ચાલુ કરવામાં આવેલ અને તા.૦૪/૦૮/૧૬ ના રોજ મીટર બળી જવાથી બદલવામાં આવેલ. આથી આ સમય દરમ્યાનનું વીજ વપરાશનું બીલ એવરેજ યુનિટની ગણતરી કરી, વાદીને પ્રતિવાદી દવારા આપવામાં આવેલ.

૩.૭ પ્રતિવાદીએ તા.૧૧/૦૮/૧૬ ના રોજ મીટર બદલ્યા પછીનાં ત્રણ માસ એટલે કે, સપ્ટે–૧૬, ઓકટો–૧૬ અને નવે.–૧૬ નાં કુલ વપરાશ ૧૭૬૨૮ યુનિટની એક માસની એવરેજ ૫૮૭૬ યુનિટની ગણત્રી કરી, તેમાંથી ૧૧૧૦ યુનિટ બાદ કરી, એમ ૪૭૬૬ યુનિટનું એવરેજ વપરાશનું બીલ આપેલ, જે વાદીએ ભરપાઈ કરી આપેલ.

૩.૮ તારણ નં.૩.૬ અને ૩.૭ મુજબ વાદીને તેમની એવરેજ વપરાશનાં બીલ અંગેની આજરોજ ફોરમ દવારા સમજણ આપતાં, વાદીએ તેમને મળેલ સવાલવાળા બીલ અંગે સહમતી દર્શાવી સંતોષ વ્યકત કરેલ છે તથા હવે તેમની કોઈ ફરીયાદ રહેતી નથી, તેમ જણાવેલ છે.

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરનાં તારણો પરથી તારણ નં."૩.૮ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૧.૦૧.૨૦૧૯**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.